મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૪૫

**ગાંધીનગર તાપમાન**

# સિવિલ હૉસ્પિટલના ઈએનટી વૉર્ડમાં પાણી ફરી વળ્યું

## દર્દીઓ મુસીબતમાં મૂકાયા, કર્મચારીઓએ બે કલાક પાણી ઉલેચ્યું

ગાંધીનગર, તા.૧૩

આજે ગાંધીનગર શહેરની હોસ્પિટલના ઈએનટી વોર્ડમાં પાણીની રેલમછેલ થઈ હતી. વોર્ડમાં ઘુંટણ સમા પાણી ભરાઈ જતા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. જયારે બપોર સુધી સફાઈ કર્મચારીઓ પાણી ઉલેચતા રહ્યા હતા. વોર્ડમાં પાણી કેવી રીતે અને કયાંથી આવ્યું તે શોધવા માટે પીઆઈયુ વિભાગના કર્મચારીઓએ દોટ મુકી હતી. ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં સમસ્યાઓ એક પછી એક બહાર આવતી જાય છે. હોસ્પિટલમાં સારવાર માટે આવેલા દર્દીઓ પાણી માટે વલખા મારે છે. આઠ માળની અધ્યતન ઈમારતમાં અને પાંચ માળની ઓપીડી ઈમારતમાં પણ પાણીના પોંકાર ઉઠવા પામે છે. ત્યારે પાઈપ લીકેજને પગલે વિવિધ વોર્ડમાં પાણી ભરાવાના કિસ્સા સામે આવે છે. કયારેક દિવાલમાંથી પાણી ઉતરે તો ક્યારેક છતમાંથી પાણી ટપકે છે. પીઆઈયુ વિભાગની હાલત એક સાંધે ત્યાં તેર તુટે તેવી છે. ત્યારે આજે અચાનક પાઈપ લીકેજને પગલે ઈએનટી વોર્ડમાં તળાવે જેવી સ્થિતિ સર્જાઈ હતી. સવારના સુમારે અચાનક વોર્ડમાં પાણી ભરાઈ જતા દર્દીઓને સામાન પણ ક્યાં મુકવો તે સમજાતું નહોતું. પાણી ભરાવાને પગલે દર્દીઓ તેમજ સ્ટાફ કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જયારે પાણી ભરાઈ જતા તાત્કાલીક સફાઈ કર્મચારીઓને બોલાવ્યા હતા. તેઓએ બપોર સુધી પાણી ઉલેચ્યું ત્યારે વોર્ડની પરિસ્થિતિ થાળે પડી હતી. જયારે પીઆઈયુ વિભાગ દ્વારા પણ પાણી ક્યાંથી આવે છે તે જાણવા માટેની મથામણ કરી રહ્યા હતા. પરંતુ હોસ્પિટલમાં એક તરફ પાણી માટે પોંકાર ઉઠે છે તેવી પરિસ્થિતિમાં પાણી વેડફાઈ જતા સ્ટાફ અને કર્મચારીઓ પણ ચિંતિત થયા હતા. ત્યારે પીઆઈયુ વિભાગ દ્વારા તાત્કાલીક ધોરણે પાઈપ લીકેજનું કામ શરુ કરી દેવામાં આવ્યું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**દિનાબેન ડોડીયા**
હેડ ઑફ ડિપાર્ટમૅન્ટ
આર ઍન લલિતકલા ઍકેડેમી
અને મમતા સ્પોર્ટ્સ સૅન્ટર

**ગાંધીનગર ગમે**

સ્વચ્છતા, સુંદરતા, મોટા રસ્તા, હરિયાળી, શાંતિ, સલામતી, પ્રદૂષણમુક્ત વાતાવરણ, સંસ્કાર, કલા, વિદ્યાની નગરી હોવાથી ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

રાજ્ય ઉપરાંત જિલ્લાની પણ વડી કચેરીઓ અહીં કાર્યરત હોવાથી અહીં સરકારી કર્મચારીઓ વિશેષ જોવા મળે છે, જે સૌ મળતાવડા છે. સૌ એકબીજા સાથે હળીમળીને રહે છે અને તહેવારોની ઉજવણી પણ ઉત્સાહથી કરે છે, જે સંબંધોને મજબૂત બનાવવા માટે ઘણી જ જરૂરી બાબત છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી અનેકવિધ સેવા ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. જુનિયર સિટિઝન કાઉન્સિલ, જ્યોતિ મહિલા મંડળ, કલ્ચરલફોરમ, લાયન્સ કલબ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય અને ઉદ્ગમ ચૅરીટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

ગાંધીનગર હરિયાળા પાટનગર તરીકેનું પોતાનું ખોવાયેલું બિરૂદ પુનઃ પ્રાપ્ત કરે અને તેની સુવિધાઓમાં વધારો થાય તે જરૂરી બાબત લાગે છે. હવે તો શહેરનો વિસ્તાર પણ વધતો જાય છે. આ સ્થિતિમાં ઉપરોક્ત બંને બાબતો અનુસરવી જ રહી.

**નગર માટે હું કરી શકું**

તમામ પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે નગરને પ્રથમ હરોળનું બનાવવા મારો તમામ સહયોગ આપવા તૈયાર છું.

# પેથાપુરમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

સંત રોહિદાસની જન્મ જયંતિ નિમિત્તે પેથાપુર ખાતે દલિતસેના દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો. સંત શિરોમણી રોહિદાસની ૬૪૦મી જન્મ જયંતિ પ્રસંગે ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા પેથાપુર સરકારી હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે આંખનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દલિત સેના દ્વારા આયોજિત પાંચમા આખ નિદાન કેમ્પમાં ૧૧૩ જેટલા નાગરિકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આંખ સ્પેશ્યાલીસ્ટ ડૉ. તેજલ દલાલ દ્વારા જરૂરીયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે ચશ્મા અને દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા પાંચમો નિદાન કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે રણજીતસિંહ આર. વાઘેલા (પ્રમુખ નગરપાલિકા, પેથાપુર) ડૉ. તેજલ દલાલ (આંખ સ્પેશ્યાલિસ્ટ), એલ.એન. પરમાર (ચેરમેન સમાજિક ન્યાય સમિતિ જિલ્લા પંચાયત ગાંધીનગર) ટી.બી. વેન (મેનેજર એલઆઈસી, ગાંધીનગર), મૂળચંદભાઈ કે. રાઠોડ (કોર્પોરેટર પેથાપુર નગરપાલિકા), ડૉ. બીનાબેન પટેલ મેડીકલ ઓફિસર પ્રા. આ. કેન્દ્ર) રમેશભાઈ વાણીયા (પ્રમુખ લોકજાગૃતિ ફાઉન્ડેશન) જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા દ્વારા કરવામાં આવેલ. ઈશ્વરભાઈ પરમાર (પ્રમુક રોહિત સંગઠન) દ્વારા કરવામાં આવેલ. દિનકરભાઈ પરમાર (મહામંત્રી) દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ સાથે મેસરવાલાએ સંસ્થાની રચનાત્મક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપેલ. આ પ્રસંગે જાણીતા આંખ સ્પેશ્યાલીસ્ટ તેજલ દલાલે જણાવ્યું હતું કે સમયસર આંખની તપાસ ન કરવાને કારણે આંખ ગુમાવી પડે છે અને સંસ્થાની પ્રવૃતિને બીરદાવી ધન્યવાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલે કરેલ અને આભારવિધિ રમેશ વાણીયાએ કરેલ.

# ઍસઍસવી સંકુલ ખાતે આરંભાઈ 'બૉર્ડ સે પહલે બૉર્ડ'ની પરીક્ષા





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી સ્થિત એસએસવી શાળા સંકુલ ખાતે આજથી શહેરના ધોરણ -૧૦ અને ૧૨ના પરિક્ષાર્થીઓ માટે પાંચ દિવસીય બોર્ડ સે પહલે બોર્ડ પરિક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં શાળામાં ૧૨ બ્લોકમાં ૩૬૦ પરિક્ષાર્થીઓ પરિક્ષા આપી હતી. એસએસવી શાળના બોર્ડ સે પહલે બોર્ડના આ બીજીવારના અનોખા અભિગમને વિદ્યાર્થીઓ અને વાલીઓ બિરદાવ્યો છે. આગવા અભિગમ હેઠળ તા.૧૩થી ૧૭ ફ્રેબુઆરી સુધી આ પરિક્ષા લેવામાં આવશે. જેમાં શહેરની કોઈપણ શાળામાં અભ્યાસ વિદ્યાર્થીઓ જોડાયા છે. આ પરિક્ષાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં બોર્ડની પરિક્ષાનો એક પ્રકારનો ડર નીકળી જાય છે. જયારે પરિક્ષામાં કેવી રીતે ઉતરવહીમાં નામ અને નંબર લખવો, બારકોડ સ્ટીકર કેવી રીતે લગાવવું, રિસિપ્ટમાં ઉતરવહીનો નંબર કેવી રીતે લખવો, ખંડ નિરીક્ષકની સહી કરાવવી તે સહિતના પ્રશ્નોની સમજણ આપવામાં આવી હતી. જયારે સીસીટીવી કેમેરાથી સજજ શાળા હોવાથી કેવી રીતે પરિક્ષામાં બેસવું, જયારે પરિક્ષા આપીને બહાર આવેલા વિદ્યાર્થીઓના ચહેરા પણ એક આગવા પ્રકારની ખુશી જણાતી હતી.

શાળામાં પણ બોર્ડની પરિક્ષા જેવું જ વાતાવરણ ઉભુ કરાયું હતું. ત્યારે બાળકોએ સંપૂર્ણ બોર્ડ પરિક્ષાના માહોલ વચ્ચે અન્ય વિદ્યાર્થીઓ પણ આગામી સમયમાં વિવિધ વિષયના પેપર આપશે. ગાંધીનગર શહેરમાં ધોરણ -૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાને પગલે વાલીઓ અને બાળકો ચિંતિત નજરે પડી રહ્યા છે. ત્યારે એસએસવી શાળાનો આગવો અભિગમ બાળકોને ખુબ ઉપયોગી નિવડે તેવું લાગી રહ્યું છે.

# વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૧૩

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર અને વસંત કુંવરબા કન્યા વિદ્યાલયના ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં શોર્ટ ફિલ્મો અને જિલ્લા કાનૂની સેવા મંડળના કાર્યો વિશે વિસ્તૃત જાણકારી અપાઈ હતી. આ શિબિરમાં ૧૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ શિક્ષણ શિબિરમાં નામદાર સુપ્રિમકોર્ટની સુચના અનુસાર તૈયાર કરેલ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીની વિવિધ સ્કીમોથી શોર્ટ ટેલી ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. આ શોર્ટ ફિલ્મો દ્વારા કાયદાકીય બાબતોની સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પેરા લીગલ વોલન્ટીયર સુધિરભાઈ દેસાઈએ લોક અદાલત અને જિલ્લા સેવા મંડળના કાર્ય વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા મૃદુલાબેન ગોસાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ શિક્ષણ શિબિરનું સફળ સંચાલન દક્ષાબેન શુક્લએ સંભાળ્યુ હતુ.

# પાણી પૂરવઠા બૉર્ડના કર્મચારીઓ દ્વારા સાગમટે બદલી સામે રોષ

ગાંધીનગર, તા. ૧૩

પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવ તુષાર ધોળકિયા દ્વારા ઉચ્ચ અધિકારીઓની સાગમટે બદલીઓ કરતાં અધિકારીઓમાં વ્યાપક અસંતોષ ઉભો થયો છે. હાલમાં બાળકોની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. આગામી ઉનાળામાં પીવાના પાણીની અછત ઉભી થશે ત્યારે આટલી મોટી સંખ્યામાં બદલીઓ કરતાં નારાજગી ઉભી થઈ છે.

ઉપરોક્ત બદલીઓમાં મંડળના મહામંત્રીની બદલી પણ કરી દેતાં મંડળ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રની નકલ સાથે સભ્ય સચિવશ્રીને રજૂઆત કરી બદલી બંધ રાખવા વિનંતી કરેલ. તેમ છતાં સભ્ય સચિવ દ્વારા આપખુદી વલણ અપનાવી એકતરફી છુટા કરવાનો હુકમ કરતાં મંડળના હોદ્દેદારોમાં વ્યાપક રોષ છે.

જેના અનુસંધાને તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨ કલાકે રિશેષ સમય દરમ્યાન પાણી પુરવઠા બોર્ડની મુખ્ય કચેરીએ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવની હોળી કરવાનો કાર્યક્રમ રાખેલ છે તો તેમાં ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ, તમામ બોર્ડ નિગમ/સરકારી સાહસોના મહામંડળના હોદ્દેદારો, ગુજરાત રાજય કર્મચારી મહામંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહી સરકારની આ નિતીનો વિરોધ કરશે. તો તમામ કર્મચારી મંડળના હોદ્દેદારો આગેવાનો, સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

## @ગાંધીનગર

- મા મેલડી આનંદ ગરબામંડળ દ્વારા આનંદનો ગરબો મિતાબેન પટેલ પ્લોટ નં. ૧૦૨૦/૨, સેક્ટર-૪-એ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.
- વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો સૂર્યાબેન રાવલ પ્લોટ નં. ૫૫૦/૨, સેક્ટર-૫-બી ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## ઍમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં ૧૧મીએ ધો. ૧ અને ૨ની વિદ્યાર્થિની વાલીઓ માટે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની શૈક્ષણિક તથા સહઅભ્યાસ પ્રવૃત્તિઓની માહિતીની સાથે સાથે બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વાલીઓને શાળાની પ્રગતિની માહિતી આપવાની સાથે તેઓનો આભાર માન્યો હતો.

## વાતવાતમાં

- ફરી એકવાર વાતાવરણમાં પલટો આવતા ઠંડી ગાયબ થઈ જવા પામી છે. દિવસ દરમિયાન તાપમાન વધી જતા નગરજનોને પંખા-એસી ચાલુ કરવા પડતા ઉનાળો વહેલો આવી ગયો હોવાનો અહેસાસ થયો હતો.
- તાપમાનમાં વધારો થવા છતાં શહેરમાં મચ્છરોનો ઉપદ્રવમાં ઘટાડો જોવા મળતો નથી. રાત્રે ઠંડી લાગતી હોવા છતાં મચ્છરોથી બચવા પંખો ચાલુ કરવો પડે તેવી બેવડી સ્થિતિ અનુભવાઈ રહી છે.
- શહેરની શાળાઓમાં એક તરફ પરીક્ષાનો માહોલ છે તો બીજી તરફ લગ્નગાળાની મૌસમ પણ ખીલી છે. જેના કારણે પરિવારોમાં બાળકોની પરીક્ષાના કારણે લગ્નસમારંભોમાં હાજરી આપવાનું મુલત્વી રાખવા જેવો નિર્ણયો લેવા પડી રહ્યાં છે.
- લગ્નગાળાની મૌસમના કારણે રેલવે બુકિંગમાં ભારે ધસારો જોવા મળે છે અને નજીકની તારીખોમાં લાંબા અંતરની તમામ ટ્રેનોના બુકીંગ હાઉસફૂલ જોવા મળી રહ્યાં છે. છેલ્લી ઘડીએ અથવા આકસ્મિક સંજોગોના કારણે ઉભી થયેલી મુસાફરીના મુસાફરો રેલવે ટિકિટબુક કરાવવા અહીંથી તંહી દોડધામ કરતા નજરે ચઢી રહ્યાં છે.
- હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના સુવિખ્યાત ગાયક સોનુ નિગમ આગામી તા. ૨૬મી ફેબ્રુઆરીએ ગાંધીનગર પધારી રહ્યા છે. ઈન્ફોસીટી વિસ્તારમાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટમાં આયોજિત એક ઈવેન્ટના ભાગરૂપે તેઓ પધારી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. રતિલાલ છગનલાલ પ્રજાપતિ, ઉ.વ.૭૧
- સ્વ. અનિલકુમાર ગુણવંતરાય જોશી, ઉ.વ.૫૧
- સ્વ. ઉદાજી વજાજી ઠાકોર ઉ.વ.૪૫

# વૅલેન્ટાઇન ડે ઈવનીંગ : કૅન્ડલ લાઈટ ડીનર વીથ ડીજે

## લવીંગ કપલ્સને ડીનર સાથે રોમાન્સભર્યો માહોલ પુરો પાડવા પ્રયાસ : કપલ ડાન્સથી માંડીને અવનવી મસ્તીભરી ગેમ્સ અને રોમાંચક સરપ્રાઈઝ દ્વારા વેલેન્ટાઈન ઈવનીંગ યાદગાર બનાવવાની ઓફર્સ..!!!





ગાંધીનગર, તા. ૧૩

આવતીકાલે વેલેન્ટાઈન ડે યુવાનો માટે આ પ્રેમની અભિવ્યક્તિ વ્યક્ત કરવાનો એક એવો અનોખો દિવસ જેની તેઓ આખુ વર્ષ આતુરતાથી રાહ જોઈ રહ્યાં હોય છે. પરિણિત યુગલો માટે આ દિવસ રોજબરોજની ઘટમાળામાંથી 'બ્રેક' લઈ પોતાના જીવનસાથી પ્રત્યે સ્નેહને વ્યક્ત કરી લાગણીની બેટરી ફરી ચાર્જ કરી લેવાનો અવસર. આજના આધુનિક યુગમાં હવે પ્રેમીયુગલોમાં 'વેલેન્ટાઈન ઈવનીંગ'નું ખૂબ મહત્વ છે. આ ઈવનીંગને યાદગાર બનાવવા 'કેન્ડલ લાઈટ ડીનર'થી માંડીને ડાન્સ એન્ડ મ્યુઝિક સાથે મસ્તીભરી ઈવેન્ટ માણવાનું ચલણ વધતુ જાય છે. ગાંધીનગરની આસપાસ અનેક હોટેલ્સ, રિસોર્ટમાં વેલન્ટાઈન ઈવનીંગનું વિશેષ આયોજન જોવા મળી રહ્યું છે. વેલેન્ટાઈન ઈવેન્ટ માટે હવે વિવિધ રેસ્ટોરન્ટ, હોટેલ્સ તથા રિસોર્ટ વગેરે દ્વારા અનેક પ્રકારની પાર્ટી તથા મ્યુઝિક નાઈટ વગેરેના આયોજન કરાય છે. ખાસ કરીને લવીંગ કપલ્સને પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરવામાં મદદરૂપ થાય તેવા ગીત-સંગીત સાથે એક રોમાંચક માહોલ ઉભો કરવામાં આવે છે. જેમાં પ્રેમીયુગલો ડાન્સ કરે છે. એકબીજાને પ્રપોઝ કરે છે તેમજ આઈસ્ક્રીમ-ચોકલેટ્સ વગેરે ઉપરાંત ડિનરની મજા પણ માણે છે. આ પાર્ટી માટે હાર્ટશેપના બલુન્સ, રંગબેરંગી રિબિન્સ, ફ્લાવર્સ, બુકે, લવ-સિમ્બોલ્સ વગેરે દ્વારા પાર્ટી સ્થળ સજાવાય છે. આટલુ જ નહી પરંતુ કેટલીક જગ્યાએ તે લાઈવ ડીજે પાર્ટી અને એન્કર દ્વારા નાનીમોટી મસ્તીભરી રમતો રમાય છે. જેમાં પ્રિયજનને ઉંચકીને દોડવુ તેની સાથે કેક કે ચોકલેટ્સ ખવડાવવી, તેના માટે ગીત ગાવુ, ઘુંટણે બેસી પ્રપોઝ કરવુ જેવા અનેક મસ્તીભર્યા પ્રસંગો સર્જી વેલેન્ટાઈન ઈવનીંગને યાદગાર બનાવવામાં આવે છે. આ પ્રકારની ઈવનીંગ માટે લવીંગ કપલ્સ એક ઈવનીંગના રૂ. ૧ હજારથી રૂ. ૫ હજાર સુધી પણ ખર્ચતા અટકાતા નથી. વળી, આ ઈવનીંગમાં સરપ્રાઈઝનું તત્વ પણ ઉમેરવામાં આવે છે જે રોમાંચકતા સાથે રોમાન્સમાં વધારો કરે છે. સરપ્રાઈઝમાં કેક કટીંગથી માંડીને કપલ ડાન્સ અથવા કોઈ મોંઘુ ઈનામ અથવા બેસ્ટ કપલ્સના એવોર્ડ સાથે પેકેજ ટૂર ઓફર કરવાથી માંડીને નાની નાની સરપ્રાઈઝ જેવી કે ચોકલેટ્સ, કેક, મકીન્સ, આઈસ્ક્રીમ, જ્યુસ વગેરે ફ્રિમાં ઓફર કરાય છે. ટુંકમાં વેલેન્ટાઈન ઈવનીંગ એ હવે માત્ર ગુલાબનું ફુલ, ગ્રીટીંગ્સ કાર્ડ, નાની મોટી ગીફ્ટ કે ડિનર પુરતી મર્યાદિત નથી રહી હવે તો તે ડાન્સ વીથ ડીજેથી માંડીને રોમાન્સભરી સરપ્રાઈઘઝ ઈવનીંગના પ્રોફેશનલ પ્લાનીંગ સુધી પહોંચી ગઈ છે. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં આવી અસંખ્ય વેલેન્ટાઈન ઈવનીંગનું આયોજન થયેલ જોવા મળે છે.